Declaration

~~Certificate~~

## STATEMENT OF ORIGINAL WORK

મારા પીએચ.ડી.ના સંશોધનકાર્ય માટે મેં સ્વીકારેલો વિષય 'શામળની 'નંદબત્રીસી'નો વિવેચનાત્મક અભ્યાસ : એના તુલનાદર્શી અને ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં' મધ્યકાલીન ગુજરાતી સાહિત્યકૃતિને ઐતિહાસિક સંદર્ભો સહિત સ્વરૂપલક્ષી પદ્ધતિએ તપાસવાના અભિગમથી તૈયાર કર્યો છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય પરંપરાના દૃઢ તંતુએ વિકસતું રહ્યું છે. એમાં પણ કથામૂલક સાહિત્યે તો પરંપરામાંથી સામગ્રીપરક પોષણ મેળવેલું છે – પ્રાચીન ઐતિહાસિક-પૌરાણિક કથાનકો આખ્યાન-સાહિત્યનો અને પ્રાચીન લોકકથાનકો પદ્યવાર્તા-સાહિત્યનો સીધો આધારસ્રોત રહ્યાં છે. પરંતુ, આ સંજોગોમાંય પ્રત્યેક સર્જકની આગવી ઓળખ આંકતી લાક્ષણિકતાઓ તો હંમેશાં ઊપસતી જ રહી છે. એ લાક્ષણિકતાઓમાં દેખાતી સર્જકતા ઘણીવાર મધ્યમ–નિમ્ન કક્ષાની પણ હોઈ શકે પરંતુ કૃતિના રચના–રૂપને એ નોખું જરૂર પાડી આપે છે.

એટલે, મધ્યકાલીન કૃતિની રચનાની તપાસ કરવી મને રસપ્રદ જણાઈ છે.

મારું આ કામ, મારી જાણ મુજબ, ગુજરાતી સાહિત્યમાં આ રીતે પહેલી વાર થઈ રહ્યું છે. એ માટે કેટલાંક કારણો આ મુજબ છે :

[૧] મધ્યકાલીન સાહિત્યકૃતિની હસ્તપ્રતો પરથી એના પાઠસંપાદન કરવાની; એ માટે પાઠાંતરો નોંધવાની ને કૃતિની સામગ્રીલક્ષી તપાસ કરવાની પદ્ધતિ ગુજરાતીમાં જાણીતી છે. પરંતુ કૃતિના રચનાઅંશોને તપાસવાનું કેટલાક ઉત્તમ સંશોધકોના પ્રયાસો સિવાય, વિસ્તારથી ને સળંગ રીતે થયું નથી.

[૨] શામળ મધ્યકાલીન સાહિત્યનો સર્વોત્તમ પદ્યવાર્તાકાર છે ને 'નંદબત્રીસી' એની નોંધપાત્ર લાક્ષણિક પદ્યવાર્તા છે. હરિવલ્લભ ભાયાણી અને કનુભાઈ શેઠે મધ્યકાળની આઠ 'નંદબત્રીસી'ઓનું સંપાદન કરી આપ્યું છે – બધી જ કૃતિઓને એક ગ્રંથમાં હાથવગી કરી આપી છે.

આ ગ્રંથ મારા આ તુલનાદર્શી અભ્યાસ માટે ઉપયોગી આધારસામગ્રી બનેલો છે. એને આધારે મેં શામળની 'નંદબત્રીસી'ને આ સર્વ કૃતિઓ સાથે સરખાવીને શામળની સર્જકતાના વિશેષો તારવાનું ને ઉપસાવી આપવાનું લક્ષ્ય રાખ્યું છે. 'નંદબત્રીસી' વિષયક કૃતિઓ પર આવું કામ આ પૂર્વે થયેં નથી – 'આરામશોભા રાસ'-વિષયક કૃતિઓના જયંત કોઠારીએ કરેલા સંપાદન-અનુષંગે થયેલું કામ છે – સ્વતંત્ર, સળંગ અભ્યાસરૂપે આ 'નંદબત્રીસી'ઓ વિશે થયેલું પહેલું કામ છે.

[૩] મધ્યકાલીન કૃતિના પૂર્વપરંપરા-સ્રોત ત્રણ પ્રકારના છે : એક, કથાસામગ્રીની પરંપરા એટલે વિષયલક્ષી પરંપરા. આ કારણે પ્રાચીન ભારતીય કથાસાહિત્યનો એક જરૂર પૂરતો, ટૂંકો આલેખ આરંભે મેં આપ્યો છે. બીજો સ્રોત-પ્રકાર છે કૃતિનું સ્વરૂપ. મધ્યકાળનાં ઊર્મિગાયક (લિરિકલ) તેમજ કથનાત્મક (નેરેટિવ) વિવિધ સ્વરૂપો પણ પરંપરાનો વારસો જાળવે છે ને એકબીજામાં ભળતી ને છતાં અળગી, સ્વતંત્ર રહેતી એની રેખાઓ એક ક્રમિક વિકાસ આલેખે છે.

પદ્યવાર્તાને કેન્દ્રમાં રાખીને કેટલીક સ્વરૂપવિષયક ને પરંપરાદર્શક ચર્ચા પણ, 'નંદબત્રીસી'ના અભ્યાસને ઉપકારક નીવડે એટલા પૂરતી કરી છે. ત્રીજો પ્રકાર, એક જ કૃતિની વિસ્તરતી પરંપરાનો છે – લોકપ્રિય, લોકપ્રચલિત કથાવસ્તુ અવારનવાર સર્જકોના રસનો વિષય બને છે એટલે સમયે સમયે એક જ વિષય પર વિવિધ સર્જકોની કૃતિઓ મળતી હોય છે.

પરિણામે, એમનો અભ્યાસ સામગ્રી–અંતર્ગત રહેલી સ્વરૂપભિન્નતાનો અભ્યાસ બની શકે એવી શક્યતા ને ક્ષમતા એમાં રહેલી છે. અહીં આઠ 'નંદબત્રીસી'ઓનો પરસ્પર ને શામળની કૃતિ સાથેનો તુલનાત્મક અભ્યાસ એ કારણે હાથ ધરેલો છે.

આ ત્રણ ઉપરાંત, કૃતિનો સર્જક – એનાં અન્ય સર્વ સર્જનોમાં પ્રગટતી એની લાક્ષણિક્તાઓના સંદર્ભમાં – મહત્ત્વનું પરિબળ છે. શામળનાં મુખ્યત્વે પદ્યવાર્તા-સર્જનો ને ગૌણપણે અન્ય સર્જનોને તપાસવાના ઉપક્રમ પાછળનું પ્રયોજન શામળની સર્જક–મુદ્રા 'નંદબત્રીસી'માં પણ કેવી ઊપસે છે એ તપાસમાં મદદ મળે એ છે.

[૪] કૃતિની રચનાનો પિંડ મૂળે તો સામગ્રી, વિષય-વસ્તુથી બંધાતો હોય છે. વસ્તુ-સંકલન એ રીતે સામગ્રી (=અંતસ્તત્ત્વ) અને સ્વરૂપ (=આકૃતિ)ને જોડનાર મહત્ત્વની બાબત બને છે. 'ઘટના–અંશો'ની ચર્ચામાં એને પ્રતિફલિત કરવા પ્રયાસ કર્યો છે. ચરિત્રચિત્રણ, સંવાદ, વર્ણન, ભાષાકર્મ કે અભિવ્યક્તિ-વિશેષ એવાં બીજાં એકમો છે – એ બધાંની ચર્ચા પણ અહીં પ્રસ્તુત કરી છે.

[૫] સામગ્રીનો કેવળ આધાર લઈને પછી કૃતિને રચતી–વિકસાવતી સર્જકની વિશેષતા પ્રગટાવતાં બીજાં કેટલાંક એકમો પણ છે. જેમ કે, કથા–ઘટક. કથા–ઘટક પરંપરાએ આપેલુ પ્રસંગાદિનું એક લઘુતમ માળખું છે. એમાં પાત્રનામ – સ્થળ – પ્રસંગ – પરિસ્થિતિ ફેરે રસ-રંગ પૂરવા એ જ મધ્યકાલીન સર્જકનું સર્જકકર્મ હતું – એ ઉત્તમ-મધ્યમ-નબળું જરૂર હોઈ શકે પણ એમાં જ એનો લક્ષણ–વિશેષ પ્રગટતો હોય છે. આવા આધાર-એકમો – કથાઘટક ઉપરાંત સમસ્યા-આલેખન, નીતિબોધ, છંદ-અલંકરણ-રૂઢિપ્રયોગ વગેરેની પણ ચર્ચા, સ્વતંત્ર કૃતિચર્ચામાં ને તુલનાદર્શી ચર્ચામાં સામેલ કરેલી છે.

[૬] આ શોધનિબંધનું કેન્દ્ર તો છે – શામળકૃત 'નંદબત્રીસી'. એ કૃતિનું સ્વરૂપલક્ષી વિવરણ શક્ય એટલાં ઓજારોથી ને બને એટલી ઝીણવટથી કરેલું છે. અલબત્ત, મધ્યકાલીન કૃતિ અંગે પ્રતીકાદિ અર્વાચીન ઓજારો પ્રયોજવાના કે અર્થઘટનો આરોપવાના જોખમળથી બચવાનું રાખ્યું છે. એ પ્રકારના શણગારયુક્ત (ગ્લૉરીફાઈંગ) કે પરંપરાને ધ્યાનમાં રાખ્યા વિનાના અર્થ-આરોપિત 'અતિ-વાચન' (ઓવર રીડિંગ)ને પણ દૂર રાખ્યું છે.

આ પ્રકારના અભિગમથી આ અભ્યાસનું એક નાનું–શું અને પ્રાથમિક પણ આગવું મોડેલ ઊભું કરવાનો મારો નમ્ર પ્રયાસ છે.

Kaushi M. Chawda.

Ms. KAUSHI M. CHAWDA